Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# : કાર્યવાહી :

બોર્ડ ઓફ મેનેજમેન્ટની તાકીદની સભા, બુધવાર, તા.૨૭–૧૧–૨૦૨૪ના રોજ બપોરે : ૦૩–૦૦ કલાકે ઓફલાઈન/ઓનલાઈન રૂમ નંબર ૧૦૧૩૩ સભાખંડ, વહીવટી ભવન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| **ક્રમ** | **સભ્યોના નામ** | **હાજરી** |
|---|---|---|
| ૧. | ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડા (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | * ડૉ. રમેશદાન ચંડીદાન ગઢવી (સભ્ય સચિવ) | ઓનલાઈન હાજર |
| ૩. | ડૉ. મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૪. | ડૉ. અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૫. | VACANT | — |
| ૬. | VACANT | — |
| ૭. | VACANT | — |
| ૮. | VACANT | — |
| ૯. | ડૉ. જયદીપકુમાર નસવાનભાઈ ચૌધરી | હાજર |
| ૧૦. | VACANT | — |
| ૧૧. | VACANT | — |
| ૧૨. | શ્રી અમીત ગજ્જર | ઓનલાઈન હાજર |
| ૧૩. | શ્રી લક્ષ્મણભાઈ આહિર | હાજર |
| ૧૪. | સુશ્રી અરૂંધતી જે. દેસાઈ | ઓનલાઈન હાજર |
| ૧૫. | VACANT | — |
| ૧૬. | VACANT | — |
| ૧૭. | VACANT | — |
| ૧૮. | ડૉ. અનુપમ શુકલા | ગેરહાજર |

* ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીના પત્રાંકઃ ISC-7/યુનિ.બજેટ/ચા.બા./૨૦૨૪/૨૪૫૦–૬૩ અન્વયે તા.૨૭–૧૧–૨૦૨૪ના રોજ ડૉ.રમેશદાન ગઢવી, કુલસચિવશ્રી ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહેલ હોય સભામાં રૂબરૂ ઉપસ્થિત રહેલ ન હતા.

૧. વિશ્વવિદ્યાલયના કેમ્પસ ખાતે વિવિધ પ્રકારના સાઈનબોર્ડ સપ્લાય કરી ફીટીંગ કરવા અંગેનો વાર્ષિક રેટ કોન્ટ્રાકટ (ARC) કરવા અંગે ટેન્ડર મંગાવતા નીચેના મુદ્દા ધ્યાને લેવા વિનંતી.

૧) નાણાં સમિતિની તા.૧૮/૧૨/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક (૯.૫) થી તુલનાત્મક પત્રક ધ્યાને લેતા L1 પાર્ટી Vedanshi Safety & Sigh પાસેથી ટેન્ડરની શરતોને આધીન કુલ રૂા.૬૬.૮૭/- ની મર્યાદામાં કામગીરી કરાવવા અંગેનો રેટ કોન્ટ્રાકટ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવેલ હતી,

૨) બોર્ડ ઓફ મેનેજમેન્ટનો તા.૧૨/૧૪-૦૩-૨૦૨૪ ના ઠરાવ ક્રમાંકઃ(૨.૪)ની ભલામણ ક્રમાંકઃ૯.૫ ને નેગોશીયેશન સમિતિની રીફર કરવી અને નેગોશીયેશન સમિતિની ભલામણ અનુસાર કાર્યવાહી કરવા ઠરાવેલ છે.

૩) નેગોશીયેશન સમિતિની સમિતિનો તા.૨૯/૦૮/૨૦૨૪ ની અહેવાલ મુજબ પાર્ટી દ્વારા તેઓની સહમતિથી પાર્ટીઓએ રજૂ કરેલ સ્વૈચ્છીક ઘટાડો રજૂ કરેલ છે. જે બોર્ડ ઓફ મેનેજમેન્ટ સમક્ષ રજૂ કરવા ભલામણ કરેલ છે.

૪ ) બિલ્ડીગ એન્ડ વર્કસ કમિટિની તા.૧૦/૧૦/૨૦૨૪ ની તાકીદની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૨ ના ઠરાવ્યાનુસાર "સદર ટેન્ડરમાં દર્શાવેલ તમામ આઈટમોમાં મહત્તમ આઈટમોમાં સૌથી ઓછા ભાવ ભરનાર પાર્ટી મે.વેદાંશી સેફટી એન્ડ સાઈન, સુરત અન્ય પાર્ટીઓના જે આઈટમોમાં ઓછા ભાવ છે તે ભાવે કામગીરી કરવાની શરતે અને તે અંગેની તેઓશ્રીની લેખિત સંમતિ અનુસાર મે. વેદાંશી સેફટી એન્ડ સાઈન, સુરતનું ઘટાડેલા ભાવ સાથેનું વાર્ષિક રેટ કોન્ટ્રાકટનું ટેન્ડર મંજુર કરવા માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાને ભલામણ કરવામાં આવે છે.

ઉપરોકત બિલ્ડીગ એન્ડ વર્કસ કમિટિની તા.૧૦/૧૦/૨૦૨૪ ની તાકીદની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૨ અન્વયે સદર ટેન્ડરમાં અન્ય પાર્ટીઓના જે આઈટમોમાં ઓછા ભાવ છે તે ભાવે કામગીરી કરવાની શરતે અને તે અંગેની તેઓશ્રીની લેખિત સંમતિ અનુસાર મે. વેદાંશી સેફટી એન્ડ સાઈન, સુરતે ઘટાડેલા ભાવ સાથેનું વાર્ષિક રેટ કોન્ટ્રાકટનું ટેન્ડર મંજુર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ (પરચેઝ સેલ) વિભાગ )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ટેન્ડરમાં L1 પાર્ટી મે.વેદાંશી સેફટી એન્ડ સાઈન, સુરત દ્વારા ટેન્ડરમાં બે આઈટમ નં. ૪ અને ૧૦ માં અન્ય પાર્ટીઓના જે આઈટમોમાં ઓછા ભાવ છે તે ભાવે કામગીરી કરવાની શરતે અને તે અંગેની તેઓશ્રીની લેખિત સંમતિ અનુસાર મે. વેદાંશી સેફટી એન્ડ સાઈન, સુરતે ઘટાડેલા ભાવ સાથેનું વાર્ષિક રેટ કોન્ટ્રાકટનું ટેન્ડર શરતો અનુસાર મંજુર કરવું.**

૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની Building and Works Committee ની તા.: ૨૪–૧૦–૨૦૨૪ ના રોજની સભાની બાબત ક્રમાંક : ૨, ૩, ૪ અને Building and Works Committee ની તા.: ૧૪–૧૧–૨૦૨૪ ના રોજની સભાની બાબત ક્રમાંક : ૩, ૪, ૫,૧૧ તથા Building and Works Committee ની તા.: ૨૩–૧૧–૨૦૨૪ ના રોજની સભાની બાબત ક્રમાંક : ૧, ૧૨, ૧૩ ઉપર વિચારણા કરવા બાબત.
( બિડાણ – સમિતિના ઠરાવ )

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની Building and Works Committee ની તા.: ૨૪–૧૦–૨૦૨૪ ના રોજની સભાની બાબત ક્રમાંક : ૨, ૩, ૪ અને Building and Works Committee ની તા.: ૧૪–૧૧–૨૦૨૪ ના રોજની સભાની બાબત ક્રમાંક : ૩, ૪, ૫,૧૧ તથા Building and Works Committee ની તા.: ૨૩–૧૧–૨૦૨૪ ના રોજની સભાની બાબત ક્રમાંક : ૧, ૧૨, ૧૩ સંદર્ભે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**Building and Works Committee** ની તા.: ૨૪–૧૦–૨૦૨૪ની ઠરાવ **ક્રમાંક : ૨ થી કરેલ ભલામણ ગ્રાહ્ય રાખીને આ પ્રોજેકટના પ્લાન અને અંદાજને મંજૂર કરી ટેન્ડરની આગળની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.**

**વધુમાં ગુજરાત સરકારશ્રીની EDN-30** ની મળેલ વિવિધ પ્રોજેકટો માટે મળેલ ગ્રાન્ટના તમામ પ્રોજેકટો માટે લોકેશન નકકી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.

**Building and Works Committee** ની તા.: ૨૪–૧૦–૨૦૨૪ની ઠરાવ **ક્રમાંક : ૩ થી કરેલ ભલામણ ગ્રાહ્ય રાખી આગળની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.**

**Building and Works Committee** ની તા.: ૨૪–૧૦–૨૦૨૪ની ઠરાવ **ક્રમાંક : ૪ થી કરેલ ભલામણ ગ્રાહ્ય રાખી, સુરત મહાનગર પાલિકા સરકારી સંસ્થા હોવાથી તેઓના મંજૂર થયેલ યુનિટ રેટના ટેન્ડરના ભાવ અને શરતોથી વિશ્વવિદ્યાલય પરિસર ખાતે સદર કામગીરી કરાવવા અંગે મંજૂરી આપવા ઠરાવવામાં આવે છે.**

**Building and Works Committee** ની તા.: ૧૪–૧૧–૨૦૨૪ની ઠરાવ **ક્રમાંક : ૩ અને તા. ૨૩–૧૧–૨૦૨૪ના ઠરાવ ક્રમાંક : ૧ થી કરેલ ભલામણ ગ્રાહ્ય રાખી આગળની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, જે દિવસે કોન્ટ્રાકટરને ફરીથી કામગીરી શરૂ કરવા જણાવવામાં આવે તે તારીખથી છ મહિના સુધીમાં કામગીરી પૂર્ણ કરવાની સમયમર્યાદા આપવી.**

**Building and Works Committee** ની તા.: ૧૪–૧૧–૨૦૨૪ની ઠરાવ **ક્રમાંક : ૪ અને ૫ થી કરેલ ભલામણ ગ્રાહ્ય રાખી આગળની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.**

**Building and Works Committee** ની તા.: ૧૪–૧૧–૨૦૨૪ના ઠરાવ **ક્રમાંક : ૧૧ થી કરેલ ભલામણ ગ્રાહ્ય રાખી આગળની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.**

**વધુમાં, PM-USHA ની યોજના હેઠળના તમામ પ્રોજેકટના ખર્ચમાં જો કોઈ વધારાના ખર્ચાની જરૂર પડે તો ૧૦ ટકા જેટલા વધારાની રકમની ફાળવણી સી.ડી.એફ. માંથી કરવાનું ઠરાવવામાં આવે છે અને વધારાના ખર્ચની રકમ PM-USHA પાસે માંગણી કરવી અને અનુદાન મળ્યે સદર રકમ સરભર કરવી.**

**Building and Works Committee** ની તા.: ૨૩–૧૧–૨૦૨૪ના ઠરાવ **ક્રમાંક : ૧૨ અને ૧૩ થી કરેલ ભલામણ ગ્રાહ્ય રાખી આગળની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.**

૩. યુનિવર્સિટી કાર્યાલયને પ્રાપ્ત થયેલ ભારતીય શિક્ષણ મંડળનો તા.:26/10/2024 નો ઈ–મેઇલ જણાવ્યાનુસાર, તેઓની પહેલના ભાગ તરીકે, તેઓ શિક્ષણ, ટેકનોલોજી અને સામાજિક સુધારણા જેવા ક્ષેત્રોમાં પ્રભાવશાળી સમર્થકોને ઊભા કરવાની આશા રાખી રહ્યા છે, અને આપણી સંસ્થાની તેઓના સુવેનિયરમાં હાજરી તેઓ માટે ખૂબ મૂલ્યવધન બનશે. તેઓએ યુનિવર્સિટી દ્વારા INR 5,00,000 + 18% GST ની સુવેનિયરમાં જાહેરાત માટે સહયોગ આપવા કરેલ વિનંતી અન્વયે જાહેરાત આપવા અંગે તથા જાહેરાત આપવાની થાય તો કયા વિષય પર આપવી તે અંગે વિચારણા કરવા બાબત.
(બિડાણ: ઉપર મુજબ)

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને Withdraw કરવામાં આવે છે.**

૪. ભારત સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડના ડાયરેક્ટર તથા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના પૂર્વપ્રાચાર્ય અને હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. હિતેશ જાની દ્વારા આપણી યુનિવર્સિટીમાં "કામધેનુ ચેર" સ્થાપવાની દરખાસ્તના સંદર્ભમાં માન.કુલપતિશ્રી દ્વારા કામધેનુ ચેરની સ્થાપના કરવા તથા તેના સંચાલન માટે કૉ-ઓર્ડિનેટર તરીકે બાયોટેક્નોલોજી વિભાગના એસોસિયેટ પ્રોફેસર અને વડાશ્રી ડૉ. ગૌરવ એસ. શાહની નિયુક્તિ કરવાની અરજી સાથે કામધેનુ ચેરની દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** ભારત સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડના ડાયરેક્ટર તથા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના પૂર્વપ્રાચાર્ય અને હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. હિતેશ જાની દ્વારા આપણી યુનિવર્સિટીમાં "કામધેનુ ચેર" સ્થાપવાની દરખાસ્તના સંદર્ભમાં માન.કુલપતિશ્રી દ્વારા કામધેનુ ચેરની સ્થાપના કરવા તથા તેના સંચાલન માટે કૉ-ઓર્ડિનેટર તરીકે બાયોટેક્નોલોજી વિભાગના એસોસિયેટ પ્રોફેસર અને વડાશ્રી ડૉ. ગૌરવ એસ. શાહની નિયુક્તિ કરવાની અરજી સાથે કામધેનુ ચેરની દરખાસ્ત**નો સૈધ્ધાંતિક સ્વીકાર કરી વિગતવાર પ્રોજેકટ રીપોર્ટ આગામી સભામાં રજૂ કરવો.**

૫. યુનિવર્સિટી ખાતે કાર્યરત વહીવટી ભવનો, અનુસ્નાતક વિભાગો તથા સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં વહીવટી/ટેકનિકલ કામકાજ માટે ૧૧ માસ તદ્દન હંગામી/કરારઆધારીત ધોરણે રેક્ટર (ગૃહમાતા) ની સેવા લેવા અંગે સમાચાર પત્ર તથા યુનિવર્સિટીની વેબસાઇટ પર ઓનલાઈન જાહેરાત મુકેલ જાહેરાતની અંતિમ તારીખ તા.:15/11/2024 હતી.સદર સમયગાળા દરમ્યાન પ્રાપ્ત થયેલ ૮ અરજીઓમાંથી તા.:18/11/2024 ના રોજની સ્ક્રૂટીની બાદ લાયકાત ધોરણ મુજબ એલિજિબલ થતાં ૭ ઉમેદવારોની સ્કિલ ટેસ્ટનું આયોજન તા.:23/11/2024 ના રોજ સવારે 11 કલાકે સેનેટ હૉલ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં પસંદગી સમિતિ દ્વારા આ સાથે સામેલ બંધ કવરમાં રજૂ કરેલ રિપોર્ટ અંગે આગળની ઘટતી કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.
(બિડાણ: બંધ કવર)
(સદર કવર સમિતિની સભા સમયે સભ્યો સમક્ષ રજૂ કરવામાં આવશે.)

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે કાર્યરત વહીવટી ભવનો, અનુસ્નાતક વિભાગો તથા સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં વહીવટી/ટેકનિકલ કામકાજ માટે ૧૧ માસ તદ્દન હંગામી/ કરાર આધારીત ધોરણે રેક્ટર (ગૃહમાતા) ની સેવા અંગે પસંદગી સમિતિ દ્વારા કરેલ ભલામણ અન્વયે જયાબેન મણીલાલ ભાર્ગયાની નિમણુંક કરવી.**

૬. બાહ્ય અભ્યાસક્રમ પ્રવેશ સમિતિની સભા સોમવાર, તાઃ ૨૧/૧૦/૨૦૨૪ નાં રોજ બપોરે ૦૩ઃ૩૦ કલાકે ઓનલાઈન મળી હતી, સદર સભામાં સમિતિના સભ્યો દ્વારા પરીક્ષા ફી અંગે કરવામાં આવેલ નીચે મુજબની ભલામણો પર જરૂરી ચર્ચા–વિચારણા કરવા બાબત.

**ભલામણ ક્રમાંક–૦૭:**
**બાહ્ય અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી સ્નાતક કક્ષાએ રૂ. ૨૫૦૦/– અને અનુસ્નાતક કક્ષાએ રૂ.૩૦૦૦/– પરીક્ષા ફી તથા નાપાસ વિદ્યાર્થીઓની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ રૂ. ૧૦૦૦/– પરીક્ષા ફી રાખવા સમિતિ ભલામણ કરે છે.**

**ભલામણ ક્રમાંક–૦૮:**
**નિયત સમય મર્યાદા પૂર્ણ થયા બાદ વિદ્યાર્થી પરીક્ષા ફોર્મ વેરીફાઈ કરવા ઈચ્છે તો નીચે મુજબની લેઈટ ફી સ્વીકારી પરીક્ષા ફોર્મ ભરવા મંજુરી આપવા સમિતિ ભલામણ કરે છે.**

| | |
|---|---|
| **૧. ૭ દિવસ સુધી** | **રૂ. ૨૫૦/–** |
| **૨. ૮ દિવસથી ૧૫ દિવસ સુધી** | **રૂ. ૫૦૦/–** |
| **૩. ૧૬ દિવસથી ૩૦ દિવસ સુધી** | **રૂ. ૧૦૦૦/–** |
| **૪. ૩૦ દિવસથી વધુ** | **રૂ. ૧૫૦૦/–** |

(પરીક્ષા (એક્ષર્ટનલ) વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બાહ્ય અભ્યાસક્રમ પ્રવેશ સમિતિની ક્રમાંક–૦૭ થી કરેલ ભલામણ સંદર્ભે બાહ્ય અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી સ્નાતક કક્ષાએ રૂ. ૨૦૦૦/– અને અનુસ્નાતક કક્ષાએ રૂ.૨૫૦૦/– પરીક્ષા ફી તથા નાપાસ વિદ્યાર્થીઓની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ રૂ. ૮૦૦/– પરીક્ષા ફી રાખવી તથા ભલામણ ક્રમાંક : ૮નો યથાવત સ્વીકાર કરવો.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ભલામણ ક્રમાંક : ૯ અને ૧૦નો યથાવત સ્વીકાર કરવામાં આવે છે.**

૭. નાણાં અને હિસાબ સમિતિની તા.૨૬-૧૧-૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક : ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ અંગે વિચારણા કરવા બાબત.

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં અને હિસાબ સમિતિની તા.૨૬-૧૧-૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક : ૨, ૪, ૬ **નો પરિશિષ્ટ : ' ક ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે.**

**બાબત ક્રમાંક : ૩ ને આગામી સભામાં રજૂ કરવી.**

**બાબત ક્રમાંક : ૫** ને **Withdraw** કરવામાં આવે છે.

**ભલામણ ક્રમાંક : ૭ માં મહત્તમ રૂા.૫,૦૦૦/– સુધીની રોકડ પેશગીની વ્યવસ્થા ચાલુ રાખવી તથા રૂા.૫,૦૦૦/– થી વધુની રકમ માટે યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, વેસુ શાખાના પ્રીપેડ કાર્ડનો ઉપયોગ કરવો.**

**(પરિશિષ્ટ : ' ક ')**

૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ખરીદ સમિતિની સભા તા.૨૬-૧૧-૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંક : (૦૧) અને (૪.૩) ઉપર વિચારણા કરવા બાબત.

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ (પરચેઝ સેલ) વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ખરીદ સમિતિની સભા તા.૨૬-૧૧-૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંક : (૦૧) અને (૪.૩) **નો યથાવત સ્વીકાર કરી મંજૂરી આપવામાં આવે છે.**

૯. વિશ્વવિદ્યાલયની તમામ વિદ્યાશાખાની પરીક્ષાના પદવી પ્રમાણપત્રો તથા કવરોના છાપકામ વાર્ષિક રેટ કોન્ટ્રાકટ અંગે GeM પોર્ટલ પરથી કાર્યવાહી કરવા સમિતિ દ્વારા GeM(BID) ટેન્ડર તૈયાર કરી GeM પર BID No.GEM/2024/B/5531486, dt.2210/2024 (Paper-based Printing Services - Printing with Material; Secured Degress paper based printing services) થી તા.૨૧/૧૧/૨૦૨૪ સુધી રાખવામાં આવેલ હતી. જે અન્વયે નિયત સમય મર્યાદામાં GeM પોર્ટલ પર ફકત ૧(એક) જ પાર્ટી(પ્રિન્ટોગ્રાફી સિસ્ટમ (ઈન્ડીયા) પ્રા.લિ., મુંબઈ)એ ઓનલાઈન ભાગ લઈ ટેન્ડરની હાર્ડકોપી કાર્યાલય ખાતે જમા કરાવેલ છે. જેથી પ્રવર્તમાનના નિયમાનુસાર ટેન્ડર રદ કરી પાર્ટીને સીલ બંધ ટેન્ડર પરત કરવાનું રાખીએ તથા પદવી પ્રમાણપત્રો તથા કવરોના છાપકામ વાર્ષિક રેટ કોન્ટ્રાકટ કરવા અંગે GeM પોર્ટલ પર રી–ટેન્ડરીંગ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ (પરચેઝ સેલ) વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને Withdraw કરવામાં આવે છે.**

૧૦. યુનિવર્સિટી કેમ્પસ ખાતે કન્વેન્શન હોલ (ઓડીટોરિયમ) અને ડાયનીગ હોલમાં **SURAT LITERARY FOUNDATION** દ્વારા " ભારત@૨૦૪૭ " ના કાર્યક્રમ આયોજન માટે યુનિવર્સિટી તા. ૧૭/૦૧/૨૦૨૫ થી તા.૧૯/૦૧/૨૦૨૫ એટલે કે કુલ ત્રણ દિવસના કુલ નવ સેશન(૯ સેશન) માટે યુનિવર્સિટીનો કન્વેન્શન હોલ અને ડાઈનિંગ હોલ ઉપરોકત તારીખે **SURAT LITERARY FOUNDATION**ને ભાડેથી ફાળવી આપવા અંગેના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.
(બીડાણ: SURAT LITERARY FOUNDATION નો પત્ર)

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટી કેમ્પસ ખાતે કન્વેન્શન હોલ (ઓડીટોરિયમ) અને ડાયનીગ હોલમાં **SURAT LITERARY FOUNDATION** દ્વારા " ભારત@૨૦૪૭ " ના કાર્યક્રમ આયોજન માટે યુનિવર્સિટી તા.૧૭/૦૧/૨૦૨૫ થી તા.૧૯/૦૧/૨૦૨૫ એટલે કે કુલ ત્રણ દિવસના કુલ નવ સેશન (૯ સેશન) માટે યુનિવર્સિટીનો કન્વેન્શન હોલ અને ડાઈનિંગ હોલ ઉપરોકત તારીખે **SURAT LITERARY FOUNDATION**ને ભાડેથી ફાળવી આપવા અંગે **કરેલ વિનંતી સંદર્ભે નિયત ભાડાની રકમમાં ૨૫ ટકાની રાહત આપવી.**

૧૧. પરિચિત ફાઉન્ડેશન, ન્યુ દિલ્હીનો તા.: ૨૫–૧૧–૨૦૨૪ના રોજના પત્ર અવલોકનમાં લઈ યુનિવર્સિટી કેમ્પસ ખાતે પરિચિત ફાઉન્ડેશન, ન્યુ દિલ્હી દ્વારા કેન્દ્ર સરકારશ્રીની યોજના હેઠળ Gujarat Global Expo 2024 નો કાર્યક્રમ તા.: ૧૯–૧૨–૨૦૨૪ થી તા.: ૨૧–૧૨–૨૦૨૪ દરમિયાન ત્રણ દિવસના કાર્યક્રમ માટે તેઓશ્રીના પત્રમાં જણાવ્યા અનુસારની (a) થી (j) સુધીની ફેસીલીટી યુનિવર્સિટી દ્વારા કરી

આપવા માટે વિનંતી કરેલ છે. જેના સંદર્ભમાં તા.: ૨૫–૧૧–૨૦૨૪ના રોજની કાર્યાલય નોંધ ઉપર મળેલ આદેશ મુજબ રૂા. ૩,૦૦,૦૦૦/– અને ૧૮% જી.એસ.ટી. અલગથી લઈને કાર્યક્રમ કરવા માટેની મંજૂરી આપતો પત્ર તા.: ૨૫–૧૧–૨૦૨૪ ના રોજ પત્રાંક : એસ્ટેટ/૨૪૯૭૬ થી પાઠવવામાં આવ્યો હતો, જેના સંદર્ભમાં પરિચિત ફાઉન્ડેશન, ન્યુ દિલ્હીના તા.: ૨૫–૧૧–૨૦૨૪ ના ઈ–મેઈલમાં જણાવ્યા અનુસાર તેમણે ઉપરોકત જણાવેલ ફીમાંથી માફી આપવા વિનંતી કરેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.
(બિડાણ : પરિચિત ફાઉન્ડેશનનો ઈ–મેઈલ)

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરિચિત ફાઉન્ડેશન, ન્યુ દિલ્હીના તા.: ૨૫–૧૧–૨૦૨૪ ના ઈ–મેઈલમાં જણાવ્યા અનુસાર તેમણે ઉપરોકત જણાવેલ ફીમાંથી માફી આપવા કરેલ વિનંતી સંદર્ભે યોગ્ય નિર્ણય લેવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

૧૨. યુનિવર્સિટીને મળેલ PM-USHA અને EDN-30 ના પ્રોજેકટો જે સમયમર્યાદામાં પૂર્ણ કરવાના થાય છે, આ સંજોગોમાં જરૂરી ટેકનીકલ એપ્રુવલ માટે બિલ્ડીગ એન્ડ વર્કસ કમિટિમાં રજૂ કરવામાં આવે છે. તેને જરૂર જણાય ત્યાં જરૂરી સુધારા–વધારા સાથે મંજૂરી માટે નવા સ્ટેટયુટ ૨૫૦(૮) મુજબ બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાને ભલામણ કરવામાં આવે છે. તો આ સંજોગોમાં સમય લાગતો હોય બિલ્ડીગ એન્ડ વર્કસ કમિટિએ જે મંજૂરી આપી હોય તેના અનુસંધાનમાં ટેન્ડર વિગેરેની આગળની કાર્યવાહી કરવા માટે બિલ્ડીગ એન્ડ વર્કસ કમિટિના ઠરાવોને માન્ય રાખવા અને તે મુજબ કાર્યવાહી કરવા બિલ્ડીગ એન્ડ વર્કસ કમિટિને સત્તા આપવા વિચારણા કરવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને Withdraw કરવામાં આવે છે.**

૧૩. (૧) યુનિવર્સિટી કેમ્પસ ખાતે કન્વેન્શન હોલ (ઓડીટોરિયમ) અને ડાયનીગ હોલમાં ગુજરાત શહેર આચાર્ય સંઘ, ગાંધીનગર સંલગ્ન (સુરત શેહર આચાર્ય સંઘ) " દ્વારા " **શૈક્ષણીક અને વહીવટી અધિવેશન** " ક્રાર્યક્રમનાં આયોજન માટે તા. ૧૩/૧૨/૨૦૨૪ નાં રોજ સવારે ૦૮:૩૦ કલાકથી ૦૪:૩૦ કલાક સુધી કન્વેન્શન હોલ તા. ૨૧/૧૧/૨૪ ના રોજની અત્રેની કચેરીની કાર્યલય નોધ Estate/024975/2024 થી મળેલ મંજૂરી મૂજબ ઉપરોકત તારીખે ગુજરાત શહેર આચાર્ય સંઘ, ગાંધીનગર સંલગ્ન (સુરત શેહર આચાર્ય સંઘ) અને ગુજરાતને વિના મુલ્યે ફાળવી આપવા આવેલ છે. અને

(૨) **ગુજરાત ગાર્ડિયન દૈનીક અખબાર** " દ્રારા ધોરણ બારના બૉર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓને માનસિક અને શૈક્ષણિક રિતે સજ્જ કરવા માટે વિવિધ શાળાઓના શિક્ષકોને તાલીમ આપવા તથા વિદ્યાર્થીઓના વાલિઓ માટે બાળકોને પ્રેરણા મળે તે હેતુથી **"સેમિનાર"** ક્રાર્યક્રમનાં આયોજન માટે તા.૦૮/૧૨/૨૦૨૪ નાં રોજ આયોજન માટે કન્વેન્શન હોલ તા.૨૧/૧૧/૨૪ ના રોજની અત્રેની કચેરીની કાર્યલય નોધ Estate/ 024915/2024 થી મળેલ મંજૂરી મુજબ ઉપરોકત તારીખે **ગુજરાત ગાર્ડિયન દૈનીક અખબાર**ને વિના મુલ્યે ફાળવી આપવા આવેલ છે. જેની જાણ થવા બાબત.

(બીડાણ: ૧) ગુજરાત શહેર આચાર્ય સંઘ, ગાંધીનગર સંલગ્ન (સુરત શેહર આચાર્ય સંઘ) નો પત્ર)
(બીડાણ: ૨) **ગુજરાત ગાર્ડિયન દૈનીક અખબારનો** પત્ર)

(બાંધકામ વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવામાં આવે છે.**

૧૪. સપ્ટેમ્બર / ઓક્ટોમ્બર : 2024 માં લેવાયેલ યુનિવર્સિટી પરીક્ષામાં ગેરરિતી કેસ થયેલ , જેના સંદર્ભમાં MPEC કમિટી દ્રારા તા.29 -10 -2024 અને તા.14 -11 -2024 મુજબ નાં રોજ સુનવણી નું આયોજન કરવામાં આવેલ , જેમાં હાજર રહેલા વિધાર્થીઓને રૂબરૂ સાંભળવામાં આવ્યા હતા અને MPEC કમિટીએ લીધેલ નિર્ણયનાં આધારે સદર વિધાર્થીઓનું પરિણામ તેમને થયેલ સજા મુજબ જાહેર કરવાનું રાખીયે અને ગેરહાજર રહેલ વિધાર્થીઓને કોલેજની **L.E.C (Local Enquiry Committee)** કમિટી દ્ધારા કરવામાં આવેલ રીપોર્ટનાં આધારે MPEC કમિટી દ્ધારા નિયમોનુસાર સજા કરવામાં આવેલ છે. જે મંજૂર કરી આગળની કાર્યવાહી કરવા માટે ફેકલ્ટીને જણાવી પરિણામ જાહેર કરી શકાય. સદર કાર્યવાહી મા.કુલપતિશ્રીનાં આદેશાનુસાર મંજુર કર્યા અંગેના માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

(પરીક્ષા **(MPEC)** વિભાગ )

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવામાં આવે છે.**

૧૫. સ્વનિર્ભર એમ.કોમ. કોમર્સ વિભાગનું સુધારેલું બજેટ ૨૦૨૪-૨૫ અને અંદાજિત ૨૦૨૫-૨૬નું બજેટ એક્ઝિક્યુટિવ કમિટીના સભ્ય દ્વારા સર્વાનુમંતે મંજુર કરવામાં આવે છે. અને સુધારેલું ૨૦૨૪-૨૫ અને અંદાજિત ૨૦૨૫-૨૬ બજેટ આ સાથે સામેલ છે પરિશિષ્ટ-૧ સુધારેલું ૨૦૨૪-૨૫ અને પરિશિષ્ટ-૨ અંદાજિત ૨૦૨૫-૨૬ મંજુર કરવામાં આવે છે. જે જાણ સારું.

બિડાણ: સ્વનિર્ભર એમ.કોમ. અભ્યાસક્રમની એક્ઝિક્યુટિવ કમિટી EC (Executive Committee)ની બેઠક તારીખ 19/11/2024 સુધારેલું ૨૦૨૪-૨૫ અને અંદાજિત ૨૦૨૫-૨૬ બજેટની કોપી.

(કોમર્સ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** સ્વનિર્ભર એમ.કોમ. કોમર્સ વિભાગનું સુધારેલું બજેટ ૨૦૨૪-૨૫ અને અંદાજિત ૨૦૨૫-૨૬નું બજેટ એક્ઝિક્યુટિવ કમિટીના સભ્ય દ્વારા સર્વાનુમંતે મંજુર કરવામાં આવે છે. અને સુધારેલું ૨૦૨૪-૨૫ અને અંદાજિત ૨૦૨૫-૨૬ બજેટ છે **તેને મંજૂર કરવામાં આવે છે.**

## અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબતો.

૧૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે Providing Service for Network and UTM Support અંગે તા.૨૯/૦૧/૨૦૨૪ સુધી ભાવપત્રકો મંગાવતા નિયત સમય મર્યાદામાં ૦૫ પાર્ટીઓ તરફથી મળેલ ભાવપત્રકો પૈકી ૦૩ એલીજીબલ પાર્ટીઓના પ્રાઇઝ બિડ માન.કુલપતિશ્રી દ્વારા રચેલ સમિતિની સભા તા.૧૯/૦૨/૨૦૨૪ ના રોજ મળી હતી જે સમિતિની ભલામણ અન્વયે કાર્યાલય દ્વારા તૈયાર કરેલ તુલનાત્મક પત્રક તૈયાર કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા કરેલ ભલામણ અન્વયે નીચેના મૂદ્દા ધ્યાને લવા વિનંતી.

- સદર બાબતે બોર્ડ ઓફ મેનેજમેન્ટ તા.૧૨,૧૪/૦૩/૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૩.૧૪) થી એલીજીબલ પાર્ટીઓને નેગોશીયેશન સમિતિની ભલામણ અનુસાર કાર્યવાહી કરવા ઠરાવેલ.
- તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ ૦૩ (ત્રણ) પાર્ટીઓ પૈકી ૦૨ (બે) પાર્ટીઓ ઉપસ્થિત રહી રૂબરૂમાં રજૂ કરેલ ભાવ અંગે સમિતિ સાથે ચર્ચા થયા મુજબ ટેન્ડરની શરતોને અનુસાર સામગ્રી અને સર્વિસની ગુણવત્તાની જાળવણી સાથે સહમતિથી તેઓ દ્વારા રજૂ કરેલ સ્વૈચ્છિક ભાવ ઘટાડો રજૂ કરેલ.
- તા.૧૫/૧૦/૨૦૨૪ ની બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાના ઠરાવ ક્રમાંકઃ(૧૧.૫) હેઠળ સમિતિની ભલામણ મુજબ L1 પાર્ટી Netsol IT Solutions Pvt. Ltd. ને માસિક રૂા.૭૫,૦૦૦/- + નિયમાનુસાર જી.એસ.ટી. સહિત કામગીરી કરવા ભાવપત્રકની શરતોને આધીન વર્ક ઓર્ડર આપવા ઠરાવ કરેલ છે.
- Netsol IT Solutions Pvt. Ltd. દ્વારા ભાવપત્રકમાં માસિક (જી.એસ.ટી. સહિત) રૂા.૭૮,૦૦૦/- ભાવ આપેલ છે, તથા નેગોશીયેશન દરમિયાન સ્વૈચ્છિક ભાવ ઘટાડા માટે માસિક રૂા.૭૫,૦૦૦/- (જી.એસ.ટી.વગર) ભાવ આપેલ છે. જે ભાવ જી.એસ.ટી. સહિત રૂા.૮૮,૫૦૦/- જેટલો થાય છે.

ઉપરોક્ત બાબતે બોર્ડ ઓફ મેનેજમેન્ટના ઠરાવ અને પાર્ટી દ્વારા રજૂ કરેલ ભાવ મુજબ **પ્રથમ વખતના L1 ભાવ રૂા.૭૮,૦૦૦/- (જી.એસ.ટી. સહિત) અને નેગોશીયેશન સમિતિ સમક્ષ રજૂ કરેલ ભાવ રૂા.૭૫,૦૦૦/- (જી.એસ.ટી. વગર) જે જી.એસ.ટી. સાથે રૂા.૮૮,૫૦૦/- થાય છે,** આમ પ્રથમ વખતના ભાવ ઓછા હોવાથી તે મુજબ ઠરાવમાં સુધારો કરવા અંગે પુનઃ વિચારણા કરવા બાબત.

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ (પરચેઝ સેલ) વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે પાર્ટી સાથે ચર્ચા કરી આગળની કાર્યવાહી કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

૧૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે નીચે દર્શાવેલ વિવિધ કામગીરીઓ અંગે વાર્ષિક જાળવણી કોન્ટ્રાકટ અને વાર્ષિક રેટ કોન્ટ્રાકટ ક્રમ નં. ૧ અને ૨ (તા.૩૦/૧૦/૨૦૨૪) અને ક્રમ : ૩ થી ૮ તા.૩૦/૧૧/૨૦૨૪ ના રોજ કાર્યાલય સમય બાદ પૂર્ણ થવા આવેલ છે. જે ધ્યાને લઈ સામે દર્શાવેલ કાર્યાલયની કામગીરી ધ્યાને લઈ કરાર લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિગત | કોન્ટ્રાકટ પૂર્ણ થવાની તારીખ | હાલ કાર્યરત કામગીરી |
|---|---|---|---|
| ૧ | વિશ્વવિદ્યાલય ખાતે ઝેરોક્ષ મશીન સહિત ઝેરોક્ષની સેવા આઉટસોર્સથી લેવા અંગેના રેટ કોન્ટ્રાકટ | તા.૩૦/૧૦/૨૦૨૪ | કાર્યાલયની તા.૧૯/૦૯/૨૦૨૪ ની નોંધ અન્વયે ઝેરોક્ષની સેવા આઉટસોર્સ માટે ફકત જગ્યા ભાડે આપવાનું હોવાથી બાંધકામ વિભાગને ઘટતુ કરવા આદેશ મળેવવા કાર્યાલયની તા.૧૭/૧૦/૨૦૨૪ ની નોંધ મુજબ ટેન્ડર પ્રક્રિયા કરવા જણાવેલ હોવાથી નિયુકત સમિતિ દ્વારા GeM(BID) ટેન્ડર તૈયાર કરી GeM પોર્ટલ પર અપલોડ કરવાની કાર્યવાહી હાથ ધરવાની હોય, જે GEM પોર્ટલ સર્વિસ તા.૨૭/૧૧/૨૦૨૪ થી ૭ દિવસ બંધ હોવાથી સર્વિસ ચાલુ થતા તાકીદની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| ૨ | વિશ્વવિદ્યાલયની જાહેરખબરો પ્રસિધ્ધ કરવા એડર્વટાઈઝીગ એજન્ટની નિમણૂંક અંગેના રેટ કોન્ટ્રાકટ | તા.૩૦/૧૦/૨૦૨૪ | GeM પોર્ટલ પર Advertisement Service અંગે વિશ્વ વિદ્યાલયની જરૂરીયાત મુજબ ઓફર ન મળતા કાર્યાલયની તા.૨૦/૧૧/૨૦૨૪ ની નોંધ મુજબ નિયુકત સમિતિનો તા.૨૩/૧૧/ ૨૦૨૪ ના અહેવાલ મુજબ સદર બીડ કઈ રીતે કરવી તેનું વિભાગને માર્ગદર્શન આપેલ છે. જે GEM પોર્ટલ સર્વિસ તા.૨૭/૧૧/૨૦૨૪ થી ૭ દિવસ બંધ હોવાથી સર્વિસ ચાલુ થતા તાકીદની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| ૩ | વિશ્વવિદ્યાલયની ખાતે સોશિય મીડીયા તથા કન્સલ્ટન્સી અંગેની સર્વિસનો રેટ કોન્ટ્રાકટ | તા.૩૦/૧૧/૨૦૨૪ | GeM પોર્ટલ પર BID NO.GEM/ 2024/ B/5586610, dt.08/11/2024 થી અપલોડ કરી તા.૦૯/૧૨/૨૦૨૪ સુધી રાખેલ છે. જે બીડની તારીખ પૂર્ણ થયેથી નિયમાનુસાર ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| ૪ | Providing Security Service on Annual Base | તા.૩૦/૧૧/૨૦૨૪ | GeM પોર્ટલ પર BID NO.GEM/ 2024/ B/5548421, dt.06/11/2024 થી અપલોડ કરી તા.૦૬/૧૨/૨૦૨૪ સુધી રાખેલ છે. જે બીડની તારીખ પૂર્ણ થયેથી નિયમાનુસાર ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| ૫ | Providing House Keeping Work on Annual Base | તા.૩૦/૧૧/૨૦૨૪ | GeM પોર્ટલ પર ફરી BID કરી NO.GEM /2024 /B/5524099, dt.21-10-2024 થી તા.૨૦/૧૧/૨૦૨૪ સુધી રાખેલ હતી. જે દરમ્યાન નિયત સમય મર્યાદામાં ૬૨(બાસઠ) પાર્ટીઓએ ઓનલાઈન ભાગી લીધેલ છે. જેઓની ટેકનીકલ બીડ ચકાસણી અંગે નિમાયેલ સમિતિની સભા તા.૨૫/૧૧/૨૦૨૪ ના રોજ મળેલ હતી. જેના અનુસંધાને કાર્યાલય દ્વારા કાર્યવાહી ચાલુ છે. |
| ૬ | Examination Service (6 module) ના કામ અન્વયે પ્રશ્નપત્ર છાપકામ કરવા બાબત. | તા.૩૦/૧૧/૨૦૨૪ | પ્રશ્નપત્ર છાપકામ બાબતે GeM પોર્ટલ પર BID NO.GEM/ 2024/B/ 5544113, dt.08/11/2024 થી અપલોડ કરી તા.૦૯/૧૨/૨૦૨૪ સુધી રાખેલ છે. જે બીડની તારીખ પૂર્ણ થયેથી નિયમાનુસાર ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| ૭ | યુનિવર્સિટી ખાતે સ્વીમીંગ પુલની જાળવણી કોન્ટ્રાકટ | તા.૩૦/૧૧/૨૦૨૪ | GeM પોર્ટલ પર Swimming Pool Service ઉપલબ્ધ ન હોવાથી સ્વીમીંગ પુલનો વાર્ષિક જાળવણી કોન્ટ્રાકટ (AMC) કરવા અંગે n-pocure પરથી ઈ–ટેન્ડર કરી ઘટતી કાર્યવાહી કરવા કાર્યાલયની તા.૨૧/૧૧/૨૦૨૪ ની નોંધ મુજબ વિભાગ પાસે સ્કોપ ઓફ વર્કની માહિતી અંગે પત્ર પાઠવી ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| ૮ | વિશ્વવિદ્યાલય ખાતે કોમ્પ્યુટરને લગતા વિવિધ પાર્ટસ ખરીદવા અંગેના રેટ કોન્ટ્રાકટ | તા.૩૦/૧૧/૨૦૨૪ | નિયુકત સમિતિ દ્વારા GeM(BID) ટેન્ડર તૈયાર કરી GeM પોર્ટલ પર અપલોડ કરવાની કાર્યવાહી હાથ ધરવાની હોય, જે GEM પોર્ટલ સર્વિસ તા.૨૭/૧૧/૨૦૨૪ થી ૭ દિવસ બંધ હોવાથી સર્વિસ ચાલુ થતા તાકીદની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ (પરચેઝ સેલ) વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે ઉપરોકત દર્શાવેલ વિવિધ કામગીરીઓ અંગે વાર્ષિક જાળવણી કોન્ટ્રાકટ અને વાર્ષિક રેટ કોન્ટ્રાકટ ક્રમ નં. ૧ અને ૨ (તા.૩૦/૧૦/૨૦૨૪) અને ક્રમ : ૩ થી ૮ તા.૩૦/૧૧/૨૦૨૪ ના રોજ કાર્યાલય સમય બાદ પૂર્ણ થવા આવેલ છે. જે ધ્યાને લઈ સામે દર્શાવેલ કાર્યાલયની કામગીરી ધ્યાને લઈ કરાર તા.૩૧–૧૨–૨૦૨૪ સુધી લંબાવવો તથા ટેન્ડરીંગની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવી.**

૧૮. યુનિવર્સિટી ખાતે ટેકનિકલ/વહીવટી કામકાજ માટે રોજમદાર ધોરણે ક્લાર્ક,પટાવાળા અને માળીની સેવા લેવા અંગે જાહેરાત આપી ઓનલાઈન અરજીઓ મંગવવા કાર્યાલય ક્રમાંકઃજન/જાહેરાત/74/2024, તા.:28/10/2024 થી યુનિવર્સિટી વેબસાઇટ www.vnsgu.ac.in તથા rms.vnsgu.net પર થી ઓનલાઈન અરજી તા.: 15/11/2024 સુધી મંગાવામાં આવેલ હતી. સદર જાહેરાતમાં પ્રાપ્ત થયેલ અરજીઓની તા.:26/11/2024 ના રોજ લેવાયેલ સ્કિલ ટેસ્ટનો એહવાલ બંધ કવરમાં પ્રાપ્ત થયેલ છે. જેના પર વિચારણા કરવા બાબત.

(બિડાણ : બંધ કવર આ સાથે સામેલ છે.)

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે ટેકનિકલ/વહીવટી કામકાજ માટે રોજમદાર ધોરણે ક્લાર્ક, પટાવાળા અને માળીની સેવા લેવા અંગે જાહેરાત આપી ઓનલાઈન અરજીઓ મંગવવા કાર્યાલય ક્રમાંકઃજન/જાહેરાત/74/2024,** તા.:28/10/2024 **થી યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in તથા rms.vnsgu.net પર થી ઓનલાઈન અરજી તા.: 15/11/2024 સુધી મંગાવામાં આવેલ હતી. સદર જાહેરાતમાં પ્રાપ્ત થયેલ અરજીઓની** તા.:26/11/2024 **ના રોજ લેવાયેલ સ્કિલ ટેસ્ટના એહવાલનો સ્વીકાર કરી જરૂરીયાત મુજબ રોજમદાર ધોરણે સેવા લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.......**

**Sd/-**

ક્રમાંકઃઓથોરીટીઝ/BoM/કાર્યવાહી/૨૫૧૨૩/૨૦૨૪ **કુલસચિવ**
તા. ૨૭–૧૧–૨૦૨૪
પ્રતિ,
**બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યશ્રીઓ.......**